ચાલુ બાબત ૨૦૨૪-૨૫

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ સેવા યોજનાની રૂ. ૧૦૦ કરોડથી ઓછી રકમની ચાલુ બાબતોને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

**File No.- WCDD/IMR/e-file/23/2024/0223/B (ICDS)**

સચિવાલય, ગાંધીનગર.

ઠરાવ :

આ વિભાગ હસ્તકની આઇ.સી.ડી.એસ.ની યોજનાકીય બાબતો અંગે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક ૯૫, ૯૬ અને ૧૦૬ હેઠળ વિભાગ-૨, ચાલુ બાબત, મહેસૂલ/મૂડી સદરે, ભારત સરકાર અને રાજ્ય સરકારના ફાળા પેટે રૂ. ૧૦૦ કરોડથી ઓછી રકમની આ સાથે બિડેલ પરિશિષ્ટ-૧ મુજબની કુલ- ૧૮ ચાલુ બાબતો માટે કુલ રૂ. ૩૪૭.૨૪ કરોડની કરવામાં આવેલ બજેટ જોગવાઇમાંથી ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ સામેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ જે તે અંદાજપત્રીય સદરની બજેટ જોગવાઈની મર્યાદામાં નીચે દર્શાવેલ શરતોને આધીન કરવાનો રહેશે.

શરતો:

૧. આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૪થી કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ **(GeM)** પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉધોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર **(No Objection Certificate)** મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૧. **Social Audit** અને **Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

૧૨. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

૧૩. **C.M Dash Board** સાથે યોજના **Link** કરવાની રહેશે.

૧૪. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૫. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણા વિભાગ દ્વારા વખોતવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૧૭. આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પૂરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિનઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.

૧૮. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

૧૯. ખરીદીના વિકલ્પે **Rental Model, PPP** ધોરણે કે **Outsourcing** થી **Operation and Maintenance** કે અન્ય **Hybrid model**થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યાં શરત સામેલ કરવી)

૨૦. બાંધકામના કામોમાં **PW.D.** મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૨૧. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૨૨. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવી જરૂરી મંજૂરી મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૨૩. જમીન સંપાદન/પુન: સ્થાપન કે પુન:વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

૨૪. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લિટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

૨૫. આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના **Linkages**ની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

૨૬. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૭. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૨૮. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા: ૧૯/૦૨/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.યુ.ગોસાઇ)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.04 17:57:02 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

બિડાણ :- પરિશિષ્ટ-૧

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. સચિવશ્રી (આયોજન)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૮. કમિશ્નરશ્રી, (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૯. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી
૧૧. વિભાગીય નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
૧૨. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) જીલ્લા પંચાયત કચેરી
૧૩. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી
૧૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
૧૬. નિવાસી ઓડીટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
૧૭. તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જીલ્લા પંચાયત તમામ
૧૮. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ ઉપર મુકવા સારૂં.
૧૯. સિલેક્ટ ફાઈલ.

પરિશિષ્ટ ૧

Enclosure to Women & Child Development Resolution No.WCDD/IMR/e-file/23/2024/0223/B (ICDS) (ICDS) Dated ...............

(Rs. In Crore)

| Sr. No. | Budget Head No. | Budget Head Name | Amount approved for the financial year 2024-25 |
|---|---|---|---|
| | **95-2235** | | |
| 1 | 95-2235-02-789-04 (50% CSS) | ICDS Supplementary Nutrition Programme (50% Central) (THR & HCM) | 23.68 |
| 2 | 95-2235-02-789-05 (50% STATE) | ICDS Supplementary Nutrition Programme (50% Central) (THR & HCM) | 23.68 |
| | **95-2236** | | |

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.04 17:57:02 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | |
|---|---|---|---|
| 3 | 95-2236-02-789-03 (60% CSS) | Integrated Child Development Scheme - Honorarium | 18.53 |
| 4 | 95-2236-02-789-04 (40% STATE) | Integrated Child Development Scheme - Honorarium | 12.35 |
| | **96-2236** | | |
| 5 | 96-2236-02-796-15 (100% State) | State Contigency Expenditure | 3.84 |
| 6 | 96-2236-02-796-16 (60% CSS) | Introduction of ICDS Scheme - Honorarium, Logistics, etc. | 78.23 |
| 7 | 96-2236-02-796-17 (40% STATE) | Introduction of ICDS Scheme - Honorarium, Logistics, etc. | 52.15 |
| 8 | 96-2236-02-796-24 (50% CSS) | Scheme For Adolescent Girls (SAG)-Nutrition | 9.68 |
| 9 | 96-2236-02-796-25 (50% STATE) | Scheme For Adolescent Girls (SAG)-Nutrition | 9.86 |
| | **96-4235** | | |
| 10 | 96-4235-02-796-01 (100% CSS) | Construction of Aanganwadi in Tribal areas | 0.01 |
| | **106-2236** | | |
| 11 | 106-2236-02-101-05 (60% CSS) | National Nutrition Mission | 64.08 |
| 12 | 106-2236-02-101-06 (40% STATE) | National Nutrition Mission | 42.72 |
| 13 | 106-2236-02-101-18 (100% STATE) | Mata Yashoda Award Plan | 1.99 |
| 14 | 106-2236-02-101-20 (100% STATE) | Poshan Survey and Surveillance System | 0.62 |
| 15 | 106-2236-02-101-21 (100% STATE) | Biometric Infrastructure | 5.79 |
| | **106-4236** | | |
| 16 | 106-4236-02-800-04 (100% State) | Construction-Repairing & Upgradation of Block Office | 0.01 |
| 17 | 106-4236-02-800-08 (60% CSS) | Repairing of Anganwadi | 0.01 |
| 18 | 106-4236-02-800-09 (40% STATE) | Repairing of Anganwadi | 0.01 |
| | **Total** | | **347.24** |

**(D.U.Gosai)**

**Under Secretary**

**Women and Child Development Department**

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.04 17:57:02 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*